# EAM's Visit to Bahrain, UAE and Seychelles (November 24-29, 2020)

November 23, 2020

## વિદેશ મંત્રીની બહરેન, યુએઈ અને સેશેલ્સની મુલાકાત (નવેમ્બર 24-29, 2020)

નવેમ્બર 23, 2020

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર 24 થી 29 નવેમ્બર 2020 નાં રોજ બહરેન, યુએઈ અને સેશેલ્સની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન તેઓ આ દેશોનાં પોતાનાં સમકક્ષોને અને ટોચનાં નેતાઓને પણ મળશે.

ડૉ. એસ. જયશંકરની 24-25 નવેમ્બરનાં રોજ બહરેનની મુલાકાત વિદેશ મંત્રી તરીકેની તેઓની આ દેશની પ્રથમ મુલાકાત હશે. 11 નવેમ્બરનાં રોજ બહરેનનાં વડાપ્રધાન મહામહિમ પ્રિન્સ ખલિફા બિન સલમાન અલ ખલિફાનીં દુઃખદ નિધન થવા પર તેઓ વ્યક્તિગત રીતે બહરેનની આગેવાનીને ભારતની સરકાર અને લોકો વતી દિલાસો પાઠવશે. તેઓ દ્વિપક્ષીય મુદ્દાઓ પર તેમજ પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર પણ વાર્તાલાપો યોજશે. બહરેનમાં 350,000 કરતા વધારે ભારતીયો રહે છે અને કોવિડ-19 મહામારીનો સામનો કરવા માટે બન્ને દેશોએ સાથે મળીને કાર્ય કર્યું છે. એર બબલ વ્યવસ્થા અંતર્ગત બન્ને દેશો વચ્ચે ફ્લાઈટો કાર્યરત છે.

વિદેશ મંત્રી 25-26 નવેમ્બરનનાં રોજ યુએઈની મુલાકાત લેશે. તેઓ 26 નવેમ્બરનાં રોજ યુએઈનાં વિદેશ મંત્રી મહામહિમ શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અવ નાહયાનને મળશે તેવું નિર્ધારિત છે. બન્ને નેતાઓ આપણી વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી અંતર્ગત ભારત અને યુએઈ વચ્ચેનાં અદ્ભૂત સહકારને આગળ લઈ જશે અને વિવિધ પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કરશે. વિદેશ મંત્રી કોવિડ-બાદનાં યુગમાં ભારતીય કર્મચારીઓ યુએઈમાં તેઓની નોકરીઓ ફરીથી ચાલું કરે તે માટેનાં માર્ગો પર પણ ચર્ચા કરશે.

કોવિડ-19 મહામારી દરમિયાન ભારત અને યુએઈ એ નિકટનાં ઉચ્ચ-સ્તરીય સંપર્કો જાળવ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આ મહામારી દરમિયાન અબુ ધાબીનાં ક્રાઉન પ્રિન્સ મહામહિમ શે મોહમદ બિન ઝાયેદ અલ નાહયાન સાથે વાત કરી છે. વિદેશ મંત્રીએ છેલ્લા કેટલાક મહિનાઓમાં કેટલીક વખત યુએઈનાં વિદેશ મંત્રી સાથે પણ વાત કરી છે. તેઓએ સપ્ટેમ્બર 2020 માં ભારત-યુએઈ જોઈન્ટ કમિશન મીટિંગની સહ-અધ્યક્ષતા પણ કરી હતી. નવેમ્બરની શરૂઆતમાં આપણા વાણિજ્ય અને ઉદ્યોગ તથા રેલ્વે મંત્રી તથા અબુ ધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી (ADIA) નાં ચેરમેન દ્વારા સહ-અધ્યક્ષતામાં હાઈ લેવલ ટાસ્ક ફોર્સ ઓન ઈન્વેસ્ટમેન્ટ્સ (HLTFI) ની મીટિંગ યોજી હતી.

તેઓનાં પ્રવાસનાં અંતિમ ચરણમાં, વિદેશ મંત્રી 27-28 નવેમ્બર 2020 નાં રોજ સેશેલ્સની યાત્રા કરશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોતી વતી શુભેચ્છાઓ પાઠવવા વિદેશ મંત્રી સેશેલ્સનાં નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી વાવેલ રામકલાવાનને મળશે અને તેઓ સાથે નવી સરકારની પ્રાથમિકતાઓની અને ભારત-સેશેલ્સ દ્વિપક્ષીય સંબંધો વધારે મજબૂત કરવા માટેનાં ક્ષેત્રો પર ચર્ચા કરશે. વિદેશ મંત્રી વિદેશ બાબતો અને પ્રવાસનનાં નવા વરણી પામેલા મંત્રી મહામહિમ સીલ્વેસ્ટ્રે રાડેગોન્ડે સાથે દ્વિપક્ષીય પરામર્શો પણ યોજશે.

**નવી દિલ્હી**
**નવેમ્બર 23, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.